| | | | |
|---|---|---|---|
| Published Date: | 3 Jun 2026 | Publication: | AajKal (Gujarati) [Rajkot] |
| Journalist: | Bureau | Page No: | 10 |
| Circulation: | 10,000 | | |

# એસઆઈપીના મજબૂત ફ્લો વચ્ચે રોકાણકારો દ્વારા સાવચેતી: ટાટા એસેટ

રાજકોટ: મ્યુચ્યુઅલ ફંડ્સ થકી લાંબા ગાળે સંપત્તિ સર્જન માટે બજારમાં પ્રવેશવા ઈચ્છતા રિટેલ રોકાણકારો માટે સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સ (એસઆઈપી) ખૂબ જ મહત્વનો માર્ગ બની રહ્યા છે. ઈન્ડસ્ટ્રીના ડેટા જણાવે છે કે અમદાવાદમાં એસઆઈપી રજિસ્ટ્રેશન્સ માર્ચ ૨૦૨૬માં ૧.૫૦ ટકા હતા, તે વધીને એપ્રિલ ૨૦૨૬માં ૧.૬૦ ટકા થયા છે, જે હાલની બજારની અસ્થિરતા છતાં રોકાણકારોની બજારમાં સતત ભાગીદારી સૂચવે છે (સ્ત્રોત: આંતરિક ડેટા). વ્યાપક મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં એસઆઈપીનો ઈનફ્લો સતત ટકી રહેલો જણાય છે. બજારની ઉથલપાથલ છતાં એસઆઈપીનો ઈનફ્લો ઘણેઅંશે સ્થિર રહ્યો છે. વર્ષ ૨૦૨૬ના પહેલા ચાર મહિના દરમિયાન એસઆઈપીનો આંકડો લગભગ રૂા. ૩૦,૦૦૦ કરોડ રહ્યો છે, જે રોકાણકારો બજારમાં હજુ પણ ટકી રહ્યા હોવાનો સંકેત આપે છે. ઉદ્યોગના તાજેતરના ટ્રેન્ડ્સ એવો પણ નિર્દેશ કરે છે કે રોકાણકારો સાવચેતીભર્યો અભિગમ અપનાવી રહ્યા છે. સમગ્ર ઉદ્યોગમાં નવા એસઆઈપી રજિસ્ટ્રેશન્સ એપ્રિલ, ૨૦૨૬માં ૫૦.૭૧ લાખના ૧૨ મહિના સૌથી નીચા સ્તરે પહોંચ્યા છે, જ્યારે એસઆઈપી બંધ થવાનું પ્રમાણ વધીને ૫૧.૨૯ લાખ થયું છે, જેનાથી એસઆઈપી સ્ટોપેજ રેશિયો ૧૦૧ ટકાએ પહોંચ્યો છે. આ આંકડા સૂચવે છે કે વૈશ્વિક સ્તરે ભૂરાજકીય તણાવો અને વધેલી બજાર અસ્થિરતાના પગલે આ મહિના દરમિયાન નવા રજિસ્ટ્રેશન કરતા વધુ એસઆઈપી ખાતા હાલ થોભો અને રાહ જુઓની સ્થિતિમાં છે અથવા બંધ થઈ ગયા છે.